
# ભૂંડાઈ અને સર્વ અનિષ્ટ જગતમાં કઈ રીતે પ્રવેશ્યા

**પ્રાર્થના :** વહાલા પ્રભુ, આ બાળકો જાણે કે તેઓના પાપ, આદમના પાપની માફક તેમને તમારાથી અલગ કરે છે અને તમારી સાથે સદાકાળ રહેવા માટે તેઓને તમારી માફીની જરૂર છે અને સમજણ મેળવવાને માટે આ અભ્યાસનો ઉપયોગ કરો.



**ઉત્પતિ ૩** ઉપરથી આદમ અને હવાની આજ્ઞાભંગની વાર્તા કોઈ મોટો બાળક કે શિક્ષક વાંચે અથવા મોઢે કહે આમાં શેતાન સર્પમાં પ્રવેશ કરીને આદમ અને હવાને આજ્ઞાભંગ કરવા લલચાવે છે 'દેવ પવિત્ર છે માટે તેણે તેમને તેમની હાજરીમાંથી દૂર થવાની અને મરણની શિક્ષા કરવી પડી.



વાર્તા કહી રહ્યા પછી આ **પ્રશ્નો પૂછો :**

- દેવની ઈચ્છા તે ફળ હવા ન ખાય તેવી છે તેવું હવાએ શા પરથી જાણ્યું ? (૪-૫)
- આદમે શા માટે તે ફળ ખાધું ? (૬)
- પોતાના આજ્ઞાભંગ માટે આદમ અને હવાએ કોને દોષ આપ્યો ? (૧૨-૧૩)
- સ્ત્રીનું સંતાન તેને શું કરશે તે વિષે દેવ શેતાનને શું કહ્યું ? (૧૫)
- દેવે હવાની શિક્ષા વિષે શું કહ્યું ? (૧૬)
- દેવે આદમની શિક્ષા વિષે શું કહ્યું ?(૧૭)
- તેઓને વાડીમાંથી દેવની હજુરમાંથી દૂર શા માટે જવું પડયું ? (૨૨-૨૪)

ઉત્પતિ ૩ ઉપરથી માનવજાતનું મૂળ પાપ એ **નાટક બનાવો.**

- બાળકો આ ટૂંક નાટક સભામાં રજુ કરી શકે માટે સભાના આગેવાન પાસે તેની મંજુરી લો. તમારે બધા ભાગોનો ઉપયોગ કરવાનો નથી.
- નાટક તૈયાર કરવા માટે બાળકો સાથે સમય ગાળો.
- મોટા બાળકો નાના બાળકોને તૈયારીમાં મદદ કરે.
- મોટા બાળકો કે સભાજનો ઉદ્‌ઘોષક, આદમ, હવા (તે હાથમાં મોટા પાંદડા પકડે), દેવનો અવાજ અને સર્પ (હાથમાં ફળ દર્શાવતી વસ્તુ રાખે) ના પાત્રો ભજવે.
- નાના બાળકો પ્રાણીઓ અને દૂતના પાત્રો ભજવે. દૂત હાથમાં 'તરવાર' રાખે.

**નાટક આ પ્રમાણે કરવું. :**

**ઉદ્‌ઘોષક** : વાર્તાનો પ્રથમ ભાગ ઉત્પતિ ૩ :૧-૬ ઉપરથી કહે પછી બોલે આદમે વાડીના પ્રાણીઓના નામ પાડયા. જૂઓ પ્રાણીઓ કેવી રીતે ચાલે છે.

**પ્રાણીઓ** : ચાલે, બાળકો તે કરે અને પ્રાણીઓના અવાજો કાઢે

**આદમ** : દરેક પ્રાણીને આંગળી બતાવે ને કહે 'મારે આનું નામ શું પાડવું ?' (વ્યક્તિને જવાબ આપવા દો)

**ઉદ્‌ઘોષક** : 'શેતાને સર્પના શરીરનો કબજો લીધો, સાંભળો તે શું કહે છે.

**સર્પ** : જોરથી ફુંફાડા મારવાનો અભિનય કરે, પછી બોલે, 'હવા, સાંભળ!'

સિસકારો કરી તેને ફળ બતાવે. પછી કહે, 'શું દેવે આ વાડીના દરેક ઝાડનું ફળ ખાવાની મના કરી છે?'

**હવા** : 'અરે ! કેવો સુંદર સર્પ!' (ફળ તરફ આંગળી કરે છે) 'ના, દેવે કહ્યું છે કે ભલુભુંડું જાણવાના ઝાડનું ફળ અમે ખાઈએ તો અમે મરીએ'

**સર્પ** : જોરથી સિસકારો કરેછે . પછી કહે છે, 'ના હવા, તમે નહિ જ મરો. તમે દેવના જેવા જ્ઞાની થશો. પાપ શું છે તે તમને ખબર પડશે. (લુચ્ચાઈથી હસે છે.)

**હવા** : ફળ તો ઘણું સરસ લાગે છે. મને ખૂબ ઈંતેજારી છે પાપ કેવું હોય છે તે જાણવાનું મને ગમશે. દેવે ગમે તે કહ્યું હોય હું તો આજ્ઞા તોડીને મને જે ખાવું હશે તે ખાઈશ.

**હવા** : જાણે ફળ તોડતી હોય તેવો અભિનય કરે. તેમાંથી થોડું ખાય અને બાકીનું આદમને આપે. અને કહે, 'આદમ, આ અદ્‌ભૂત ફળ મારી સાથે ખાઓ.'

**આદમ** : હવા, દેવે તે ખાવાની મના કરી છે. પણ જો તું આજ્ઞા તોડે તો હું પણ તોડીશ. ભૂંડુ શું છે તે જાણવાની મને પણ જીજ્ઞાસા છે.

**સર્પ** : હસે છે અને સિસકારે છે, કહે છે, 'તમે આજ્ઞા તોડવાનું નક્કી કર્યું છે. હવે તેણે તમને સદાકાળ માટે તેની હાજરીમાંથી દૂર કરવા પડશે. (હસે છે.)

**ઉદ્‌ઘોષક** : વાર્તા નો બીજો ભાગ ઉત્પતિ ૩ :૭-૧૩માંથી કહે, પછી બોલે, આદમ શું કહે છે તે સાંભળો.

**આદમ** : 'હવા, આ આપણે શું કર્યું ?આપણે દેવની આજ્ઞા તોડી ! મારી નગ્નતાની મને શરમ લાગે છે !'

**હવા** : અહીં કેટલાક મોટા અંજીરના પાતરા છે. હું તેમને સીવીને તેમાંથી કપડાં બનાવીશ.

**દેવનો અવાજ** : બૂમ પાડે છે, 'આદમ, આદમ, તું ક્યાં છે ? મેં તારે માટે જે વાડી બનાવી તેમાં તારી સાથે ફરવા હું આવ્યો છું

**આદમ** : હું નગ્ન છું માટે હું ગભરાયો માટે સંતાઈ ગયો છું.

**દેવનો અવાજ** : તને કોણે કહ્યું કે તું નગ્ન છે ? જે ફળ ખાવાની મેં મના કરી હતી તે શું તે ખાધું છે ?

**આદામ** : હવાએ મને તે આપ્યું.

**હવા** : સર્પે મને જૂઠું કહ્યું. તેણે કહ્યું કે ફળ અમારે માટે સારું છે.

**ઉદ્‌ઘોષક** : વાર્તોનો ત્રીજો ભાગ ઉત્પતિ ૩ :૧૪-૨૪માંથી કહે પછી બોલે, દેવે આદમ અને હવા માટે પશુના ચામડાના વસ્ત્રો બનાવ્યા. દેવ શું કહે છે તે સાંભળો.


**દેવનો અવાજ** : સર્પ, તું પેટે ચાલીશ, સ્ત્રીનું સંતાન તને છુંદી નાખશે. હવા તેં આજ્ઞા તોડી તું દુઃખથી બાળક જણીશ. આદમ, તું સખત મહેનત કરીશ અને ખાઈશ. ચાલ્યો જો, હવે તું વાડીમાં મારી સાથે રહી શકતો નથી.

**દૂત** : આદમ તરફ તરવાર બતાવે અને કહે, 'તેં દેવની આજ્ઞા તોડી છે. માટે હવ તું દેવની હાજરી કે જ્યાં સદા રહેવાનો હતો ત્યાં રહી શકતો નથી.

**ઉદ્‌ઘોષક** : ભાગ લેનાર બધાનો આભાર માને અને સભાજનોનો સાંભળવા માટે આભાર માને.

જો બાળકોએ આ નાટક મોટાઓ માટે કર્યું હોય તો બાળકોને ઉપર આપેલા **પ્રશ્નો** પૂછવા દો.

**ઉદાહરણ :** એક બાળકની પીઠ પર એક મોટો બોજો (ગુણ) બાંધેલો છે તે જુદા જુદા લોકો પાસે જાય છે અને પૂછે છે. 'હું આ પાપના દુઃખદાયક બોજાથી કઈ રીતે મુક્ત થાઉં ? (તેઓને જવાબ આપવા દો) બીજો બાળક હાથમાં ચપ્પુ લઈને કહે છે 'આ દેવની તરવાર તે દેવનું વચન છે. તે કહે છે કે ઈસુનું લોહી આપણને સર્વ પાપથી શુદ્ધ કરે છે.' તે છોકરો પહેલા છોકરાની પીઠ પરના બોજાની દોરી કાપી નાખે છે અને બોજો ગબડી પડે છે.



બાળકો સર્પનું અથવા ફળનું **ચિત્ર દોરે**. બીજી ભજનસેવા વખતે આ ચિત્રો બતાવવા અને સમજાવવું કે કેવી રીતે શેતાન લલચાવે છે.

નાના બાળકો રૂમી ૩ :૨૩ **મુખપાઠ કરો.** મોટા બાળકો રૂમી. ૫ :૧૨ મુખપાઠ કરે.

ચર્ચા બાળકોને **પૂછો** - આજે ક્યા બીજા માર્ગોએ લોકો આજ્ઞાભંગ કરવા તૈયાર થાય છે ?

ત્રણ બાળકો ગી.શા. ૫૩ :૧-૩ એક એક બોલી જાય.

**પ્રાર્થના :** વહાલા પ્રભુ, અમે ઘણીવાર તમને અનાજ્ઞાકારી થયા છીએ. અમે શેતાનના વશમાં આવ્યા છીએ. પ્રભુ ઈસુને માટે અમે તમારો આભાર માનીએ છીએ કે જે સ્ત્રીનું સંતાન છે અને તેણે શેતાનનું માથું છુંદી નાખ્યું છે અને અમને છૂટકારો આપ્યો છે.

Copyright 2004 © by Paul-Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net.